# **The Domestic Food Review** (સ્થાનિક ખોરાકનું અવલોકન): ન્યૂઝીલેન્ડમાં ખોરાકનું નિયમન કેવી રીતે થાય છે, એમાં તમારો અભિપ્રાય આપવાની તક

## તમારે શા માટે આ વાંચવું જોઈએ

New Zealand Food Safety Authority (ન્યૂઝીલેન્ડ ખોરાક સુરક્ષા સંસ્થા) ન્યૂઝીલેન્ડમાં ખોરાકના દરેક પાસાંનો ફરીથી વિચાર કરી રહી છે. જો તમો કોઇપણ પ્રકારના ખોરાકના ઉત્પાદનમાં, તૈયારીમાં, સંભાળમાં કે પહોંચાડવામાં ભાગ લેતા હોય તો તમારો અભિપ્રાય આપવો મહત્વનો રહશે.

મહેરબાની કરીને આ ચોપાનિયું વાંચો અને વિચારી જૂઓ કે તમને ચર્ચાના લેખની નકલ મેળવવાની જરૂર છે. આના માટે કોઇ કિંમત નથી પાછળના પાના પર સંપર્કની વિગતો પૂરી પાડવામાં આવી છે (જૂઓ "કેવી રીતે મત પ્રદર્શિત કરી શકાય"?).

માર્ચ ૨૦૦૩થી સ્થાનિક ખોરાકનું અવલોકન ચાલુ થયું છે. અવલોકનના પરિણામે જે નિર્ણય લેવાશે તેની ન્યૂઝીલેન્ડના દરેક ખોરાક ઉત્પાદક મોટા કારખાનાથી માંડીને ખૂણાની દુકાન (ડેરી), ભોજનગૃહથી (રેસ્ટોરન્ટ) થી માંડીને ટેક અવે (takeaway) પર અસર થવાની શક્યતા છે.

## અત્યાર સુધીની કહાણી...

જયારે જુલાઇ ૨૦૦૨માં New Zealand Food Safety Authority (NZFSA) (ન્યૂઝીલેન્ડ ખોરાક સુરક્ષા સંસ્થા)ની સ્થાપના થઇ ત્યારે તેને ન્યૂઝીલેન્ડના ખોરાકનો અસરકારક નિયમન કાર્યક્રમ પૂરો પાડવાનું કામ ચોક્કસ કરવાનું સોંપાયું. આ હેતુને પાર પાડવા અને સરકારની, ઉદ્યોગોની અને ઉપભોક્તાઓની જરૂરિયાતો પૂરી કરવા NZFSAએ ન્યૂઝીલેન્ડના નિયમન કાર્યક્રમનું અવલોકન ચાલુ કર્યુ છે.

માર્ચ ૨૦૦૩માં NZFSAએ સ્થાનિક ખોરાકનું અવલોકન જાહેર કર્યુ. એવી ધારણા છે કે આ લાંબો કાર્યક્રમ ઓછામાં ઓછા પાંચ વર્ષ લેશે. ગત ૩૦ વર્ષમાં માત્ર બીજી જ વાર જે ન્યુઝીલેન્ડના ખોરાકનું નિયંત્રણ કરે છે તે મુખ્ય અવલોકનનો વિષય થયો છે.

## વસ્તુઓ જે રીતે છે તેમાં મુશ્કેલી શું છે?

NZFSAએ (સ્થાનિક સરકાર, ઉદ્યોગો અને જાહેર તંદુરસ્તી વિભાગના લોકોના ફાળાથી) કેટલાક મુદ્દાઓ શોધ્યા છે જે ચર્ચાના લેખમાં ઉદ્દેશવામાં આવ્યા છે.

એમાંથી:

- કોઇ સરકારનો ક્યારે ફાળો લેવો તે અંગેની ગૂંચવણ.
- ઉદ્યોગોનો વિસ્તાર, અંદર રહેલા જોખમો અને ખોરાકની વિવિધતા અને સંબંધિત વસ્તુઓને લઇને વર્તમાન નિયમનોને અજમાવવા અંગેની મુશ્કેલી.
- નિયમનોની ગૂંચવણ.
- કેટલાક નિયમનોને અજમાવવા અંગેની ખામી.
- ઉદ્યોગો પર અસરની અસંગતતા.
- નિયામક તરીકે NZFSA કેટલી સુગમતા અને માર્ગદર્શન પૂરું પાડશે અને કેટલું "માણસો"એ જાતે કરવાનું તે અંગેની સ્પષ્ટતા અને સંગતતાની ખામી.
- મુખ્ય માણસો ("માણસો", હિસાબની તપાસ કરનાર, સાબિતી મેળવનાર અને નિયામક) ના કામની નબળી વ્યાખ્યા.

- સારી અને સ્વચ્છ રીત અને બીજા મુખ્ય ખ્યાલોની સામાન્ય સમજની ખામી.
- કાયદાની સમાનતા (નકલ), તફાવત અને પુનરુક્તિ (overlaps) અને "માણસો" માટેનો આનુષાંગિક ખર્ચો.
- ખોરાકના વિભાગમાં જોખમોના મૂલ્યાંકનની ઊણપ.

## અવલોકનથી શું હાંસલ થશે?

આ અવલોકન ખોરાક નિયમન કાર્યક્રમ ને સિધ્ધ કરશે જે આખી સભા (બોર્ડ) ને લાગુ પડશે. ન્યૂઝીલેન્ડમાં બંનેને – સોથી મોટી અને સોથી નાની ખોરાકને લગતિ પ્રવૃતિને આ લાગુ કરવાની જરૂર છે.

NZFSAનો મુખ્ય હેતુ બંધબેસતો (coherent) અને ખામી વગરનો કાર્યક્રમ પૂરો પાડવો જે ન્યૂઝીલેન્ડમાં ખોરાકને લીધે થતી માંદગીના બનાવો ઓછા કરે.

## કોને અસર થશે?

સ્થાનિક ખોરાક (આયાત કરેલા ખોરાક સહિત) અને ન્યૂઝીલેન્ડમાં ઉત્પાદિત થયેલા ખોરાક સહિત, સુપરમાર્કેટમાં, કાફેમાં અને ભોજનગૃહ (રેસ્ટોરન્ટ) માં વેચાતો હોય તે બધા જ ખોરાકને આવરી લેશે. એટલા માટે આ અવલોકન જે ખોરાકના વિભાગમાં ભાગ લે છે, તે બધાને અસર કરશે તેવી સંભાવના છે.

## શું બદલાશે?

ન્યૂઝીલેન્ડમાં આ અવલોકન સુરક્ષિત ખોરાક પૂરો પાડવામાં વધારે સંગતતા લાવે તેવી સંભાવના છે. તે જેમાં સૌથી વધુ જોખમો રહેલા છે તેવા અગ્રતાવાળા વિભાગો પર ધ્યાન કેન્દ્રિત કરવા ઓળખી કાઢશે અને જેઓ ઉત્પાદનમાં ઉતરેલા છે તેમના પર સુરક્ષિત ખોરાક માટે ભાર મૂકશે.

વર્તમાનમાં ખોરાકની જરૂરિયાતો પાંચ જુદા કાયદાઓની નીચે અમલમાં મૂકવામાં આવી છે. NZFSAને સિધ્ધાંતો અને જુદા નિયમન માળખાઓના માર્ગ વચ્ચે સંવાદિતા અને તેમની વચ્ચેની જરૂરિયાતોમાં સંગતતા જોવી ગમશે.

બીજા શબ્દોમાં NZFSAને નિયમનની એવી યોજના જોવી ગમશે કે જે સાદી અને બની શકે એટલી સતત (સંગત) હોય.

એવી દરખાસ્ત મુકવામાં આવી છે કે સાદો ત્રણ માળનો ' નિયમનનો નમૂનો' (નીચે કહ્યા પ્રમાણે) જે ૧૯૯૦માં વિકસાવેલો અને ખોરાકના કેટલાક વિભાગમાં અમલમાં મૂકેલો તે સરકાર માટે ખોરાક વિભાગમાં પાયો પૂરો પાડવાનું ચાલુ રાખશે. NZFSAની સ્થાપનામાં સરકારે નક્કી કર્યુ કે આ કામ કરવાની રીત યોગ્ય અને સરકારમાં (તંદુરસ્તીનો ધંધો કરનાર, વગેરે) બીજે કામ કરવાની રીતોની હારમાં હતી.

નમુનો ત્રણ અલગ મુખ્ય માણસોનો સમાવેશ કરે છે:

- નિયામક-NZFSA, જાહેર તંદુરસ્તી એકમો અને સ્થાનિક સભાઓ/સ્થાનિક સરકાર.
- સાબિતી મેળવનાર-ગમે તે કચેરી, NZFSAની સાબિતી મેળવનાર કચેરી સહિત, જે બહારના સાબિતીના કાર્યો કરવા માટે મંજૂર કરેલી હોય.
- "માણસ"- ગમે તે વ્યક્તિ અથવા સંસ્થા જે ખોરાકના ધંધામાં હોય.

નમુનામાં મુખ્ય નિયામક તરીકે NZFSA ન્યૂઝીલેન્ડમાં ખોરાકના નિયંત્રણ અને ખોરાક નિયમન કાર્યક્રમ ને સિધ્ધ કરવા જવાબદાર છે.

NZFSA નિયમનની જરૂરિયાતો નક્કી કરે છે અને તેને અમલમાં મૂકવા માટેના સાધનો પૂરા પાડે છે જે આવરે છે:

- ખોરાકની સુરક્ષા

- ખોરાકની યોગ્યતા

- ખોરાક નિયમન કાર્યક્રમના બીજા પાંસાઓ જેમ કે બિન-ખોરાકી વસ્તુઓ માટેની જરૂરિયાતો અને ખોરાક નિકાસોની કાયદેસરની ખાતરીઆ`(ચોકસાઇ).

## કોને ફાયદો થશે?

- બધા New Zealandersને ઉપભોક્તાઓ તરીકે ફાયદો થશે.

- સમાનતા (નકલ) ને ઓછી કરતા અથવા દૂર કરતા ઉધોગોને ફાયદો થશે.

- સંવાદિતા અને કાર્યક્ષમતા એટલે જરૂરિયાતો જે ઉધોગોએ પુરી કરવાની છે તેને વ્યવસ્થિત કરવી.

દાખલા તરીકે વર્તમાન યોજનામાં બનાવવાના ધંધાને એક જ કારખાનામાં જુદી પેદાશોને તૈયાર કરવામાં સમાન પરિણામ હાંસલ કરવા માટે જુદી જુદી વસ્તુઓ કરવી પડે અને વિવિધ જગ્યાઓવાળી સુપરમાર્કેટની ચેઇનને જુદા પ્રદેશોમાં સ્થાનિક ધોરણોને પૂરા કરવા પડે. NZFSAને એવી ગોઠવણ જોઇએ છે કે જે ખોરાકના ધંધાઓને એક જ આખા કાર્યક્રમની પસંદગી કરવા દે જે સંબંધિત ખોરાક સુરક્ષાની જરૂરિયાતોને પૂરી કરે, આમ કરવાથી આવા ધંધાઓને નિયમો સાથે સંમત થવામાં સરળતા પડે.

વર્તમાનમાં સાબિતી મેળવનાર અને અમલમાં મુકનાર અમલદારોએ કાયદાને અસરકારક રીતે અમલમાં મુકવા માટે અને એની દેખરેખ રાખવા માટે તફાવતોના વિશાળ સમૂહથી પરિચીત થવું જરૂરી છે. નિયમોની એકતા આ ગુંચવણ ઓછી કરી શકશે.

આ બધા ભાગો ખોરાક પૂરો પાડવાની એવી અસરકારક યોજનામાં પરિણમવા જોઇએ જે અંતે ઉપભોક્તાઓને સુધરેલી ખોરાક સુરક્ષા પૂરી પાડી ફાયદો કરે.

## અત્યાર સુધી શું બન્યું?

NZFSAએ ૨૦૦૩માં અવલોકનને શરૂ કરવા માટે Auckland, Wellington અને Christchurchમાં ઉધોગોને મળ્યા. એ પછી NZFSA સ્થાનિક સરકારની સાથે, જનતા તંદુરસ્તી એકમોના પ્રતિનિધિઓ અને સ્થાનિક સભાઓ સાથે કેટલાક 'વિચાર લેખ' પર કામ કરી રહ્યા છે. મે ૨૦૦૪માં આ કાગળોની વર્કશોપ શ્રેણીમાં ઉધોગોના સમુહ સાથે ચાલુ કામમાં ચર્ચા કરવામાં આવી. NZFSAએ પણ જુદા પ્રદેશોમાં ખોરાક સુરક્ષા પર માહિતી ભેગી કરી રહ્યું છે.

## અવલોકન ના મુખ્ય તબક્કાઓ (પગથિયાંઓ)

- યોજના અને ક્રિયાની વ્યાખ્યા આપવી.

- વિચારોના વિકાસ અને પસંદગીઓની ઓળખ.

- જાહેરચર્ચા માટે વિચાર લેખોની તૈયારી.

- માહિતીનું પૃથક્કરણ અને નીતિનો સુધારો.

- સરકારનો નીતિ માટેનો વિચાર.

- કાયદામાં ફેરફાર.

- અમલ.

## જનતા સાથે મંત્રણાની ક્રિયા

NZFSAએ ૨૨ સપ્ટેમ્બર ૨૦૦૪એ પહેલા ચાર વિચાર લેખો જનતા-મંત્રણા માટે બહાર પાડયો. પાંચમો લેખ કિંમત પ્રાપ્તિ પરનો ૧૦ ડિસેમ્બરે બહાર પાડયો. બધા પાંચ લેખો માટે મત રજૂ કરવાની છેલ્લી તારીખ ૨૮ ફેબ્રુઆરી ૨૦૦૫ છે.

## ૨૦૦૪ના લેખો શું આવરે છે?

**લેખ૧: પ્રસ્તાવના અને સંબધ** અવલોકન માટેનો સંબંધ નક્કી કરે છે અને સરકારની ખોરાકની નીતિના સામાન્ય નિયમો સૂચવે છે જે આ ક્ષેત્રમાં ભવિષ્યના નિયંત્રણ માટે આધારભૂત બને તેવો ઇરાદો છે.

**લેખ ૨: નિયમનના કામો, જવાબદારીઓ અને માળખું** એ નિયામક અને નિયમન માળખાની વર્તમાન અને સૂચિત જવાબદારીઓ અને કામનું વર્ણન કરે છે જે કેન્દ્ર સરકાર, જિલ્લા તંદુરસ્તી સભાઓ અને સ્થાનિક સરકાર અને ખોરાક વિભાગને આવરી લે છે.

**લેખ ૩: ખોરાક નિયંત્રણ યોજના** દરખાસ્ત કરે છે કે સરકારની ખોરાક સુરક્ષા અને યોગ્યતાના નિયમો માટેનું મુખ્ય સાધન 'જોખમં અંગેના કાર્યક્રમ' પર આધારિત હોવું જોઇએ જે મોટા ભાગના ખોરાક ઉધોગમાં કેટલીક રીતે અગાઉથી ચાલે છે.

**લેખ ૪: ખોરાક નિયંત્રણ યોજનાનો અમલ** એ ક્રિયામાં ભાગ લઇ રહેલા માણસો અને કચેરીઓની નોંધણી, સંમતિની પુષ્ટિ અને ઓળખ સહિત સૂચવેલી ખોરાક નિયંત્રણ યોજનાને આવરે છે.

**લેખ ૫: કિંમત પ્રાપ્તિ** એ સૂચવેલા કિંમત પાછી મેળવવાના માળખા માટેના નિયમો શક્ય રીતોનો સમાવેશ કરે છે.

## તમારો મત કઇ રીતે રજૂ કરી શકાય?

બધા વિચાર લેખો NZFSAની વેબસાઇટ (www.nzfsa.govt.nz) પર ઉપલબ્ધ છે અથવા NZFSAનો મફત ટેલિફોન 0800 NZFSA 1 (0800 693 721) પર સંપર્ક સાધી શકાય.

Email info@nzfsa.govt.nz

### તમારા લેખો પરની સંમતિ મોકલી શકાય:

Submissions
Domestic Food Review Policy Group
New Zealand Food Safety Authority
PO Box 2835
WELLINGTON

Email: robbie.thomson@nzfsa.govt.nz
Fax: (04) 463 2501